‘મિ.તુષાર ઘેલાણી, તમે હવે મજા લો અને ખુશ થાઓ’

દીકરીએ પિતાને કરેલા મેસેજની વ્હોટ્સએપ ચેટ સામે આવી

સુરતઃ શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી ચર્ચિત તુષાર ઘેલાણી કેસની તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ‘બ્લ્યુ પેપિલિયોન’ (BLUE PAPILLON) સ્કૂલ સાથે સંકળાયેલા આરોપી પૂનમબેન ભદોરિયા અને તેમના પરિવારજનોએ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન સ્કૂલમાંથી કરોડો રૂપિયા મેળવ્યા હોવાનું સી.એ.ના નિવેદન અને તપાસ દરમિયાન ખુલ્યું છે.

આ કેસમાં પૂનમની બહેન પ્રિયાની ભૂમિકા અત્યંત નિર્ણાયક માનવામાં આવે છે. બ્લેકમેલિંગના મોટા નેટવર્ક પરથી પડદો ઊંચકવા માટે પોલીસ પ્રિયાનું નિવેદન લેવા મથામણ કરી રહી છે, પરંતુ વારંવારની જાણ છતાં તે પોલીસ સમક્ષ હાજર થવાનું ટાળી રહી છે. ચર્ચાઈ રહ્યું છે કે ધરપકડના ડરથી તે ભૂગર્ભમાં ઉતરી ગઈ છે. જો પ્રિયાની કડક પૂછપરછ થાય, તો આ આખા કેસનું સત્ય બહાર આવી શકે તેમ છે.પોલીસે તુષારભાઈના બેંક સ્ટેટમેન્ટ અને બ્લ્યુ પેપિલિયોન સ્કૂલના વ્યવહારોની તપાસ હાથ ધરતા આર્થિક ઉચાપતનો પર્દાફાશ થયો છે. સી.એ.ના નિવેદન મુજબ, પૂનમ ભદોરિયાએ સ્કૂલમાંથી કુલ રૂ. ૧,૮૮,૩૫,૬૮૦ ખંખેર્યા છે. જેમાં તેણે પગાર પેટે રૂ. ૯૨.૩૪ લાખ, નફા પેટે રૂ. ૫૭.૮૪ લાખ અને મૂડીનું વ્યાજ રૂ. ૩૮.૧૬ લાખ મેળવ્યા છે.

માત્ર પૂનમ જ નહીં, તેનો આખો પરિવાર સ્કૂલ પર નભતો હોય તેમ લાખો રૂપિયા મેળવ્યા છે. જેમાં બહેન પ્રિયાએ રૂ. ૧૪.૯૫ લાખ, માતા ઉર્મિલાબેને રૂ. ૧૦.૪૦ લાખ અને પિતા બ્રીજમોહને રૂ. ૧૦.૪૦ લાખ પગાર પેટે મેળવ્યા હોવાનું બહાર આવ્યું છે.

પૂનમે ગઈકાલે કરેલી જામીન અરજીએ પોલીસને પણ વિચારતી કરી દીધી છે. પૂનમે કોર્ટમાં એવા પુરાવા રજૂ કર્યા છે કે તુષાર અને તેના સંબંધો વિશે પરિવારને પહેલેથી જ જાણ હતી. આ ઉપરાંત, તુષારભાઈ અને તેમની દીકરી વચ્ચેની ચેટ પણ રજૂ કરવામાં આવી છે. આ ચેટ સામે આવ્યા બાદ હવે તપાસની દિશા તુષારભાઈના પરિવાર તરફ પણ વળી શકે છે.

ખેડૂત પાસેથી પિતાના નામે ૧૧ લાખનો ચેક લીધો હતો

તપાસમાં વધુ એક હકીકત સામે આવી છે કે, ડુમસ ખાતેના એક ખેડૂત પાસેથી મરનાર તુષારભાઈ ઘેલાણીએ રૂ. ૧૧,૦૦,૦૦૦ લેવાના બાકી હતા. તુષારભાઈના કહેવાથી ખેડૂતે આ રકમનો ચેક પૂનમબેનના પિતા બ્રીજમોહન ભદોરિયાના નામે આપ્યો હતો. આ રકમ અંગે આરોપી પૂનમબેન અત્યાર સુધી કોઈ યોગ્ય ખુલાસો કરી શક્યા નથી.

ચિંતા ના કરશો, મારે મારી જાત વેચીને પણ તમારા રૂપિયા ચૂકવી દેવા

પૂનમે પુરાવા તરીકે કોર્ટમાં કેટલાક સ્ક્રીનશોટ રજૂ કર્યા છે, જેમાં દીકરીએ પિતાને ‘મિસ્ટર તુષાર ઘેલાણી’ કહીને સંબોધ્યા છે. એક મેસેજમાં દીકરીએ લખ્યું હતું કે, “ચિંતા ના કરશો, મારે મારી જાત વેચીને પણ તમારા રૂપિયા ચૂકવી દેવા પડશે તો કરી દઈશ, તમે હવે મજા લો અને ખુશ થાઓ.” આ મેસેજ પિતા માટે અત્યંત આઘાતજનક હોવાનું પૂનમે જણાવ્યું છે.

પિતાની દરેક મૂવમેન્ટ પર દીકરી દેખરેખ રાખતી હતી : પૂનમ

પૂનમનો વધુ એક ગંભીર આરોપ છે કે દીકરી તેના પિતાની દરેક મૂવમેન્ટ પર નજર રાખતી હતી. તુષારભાઈ કોની સાથે ફોન પર વાત કરે છે, કોની સાથે ચેટ કરે છે અને કાર લઈને ક્યાં જાય છે એ તમામ વિગતો મેળવીને તે પિતાને સંપૂર્ણપણે કંટ્રોલ કરવાનો પ્રયાસ કરતી હતી. આ સતત દેખરેખથી તેઓ ગૂંગળામણ અનુભવતા હતા.

સમિતિની શાળાના બાળકોને ભુખ્યા રાખનાર કેટરર્સ બ્લેકલિસ્ટ કરાશે

પંડ્યા કેટરર્સે પ્રવાસ દરમિયાન જમવાના સમયે નાસ્તો આપ્યો હતો

ભૂખ સહન નહીં થતાં કેટલાક બાળકોએ તો સ્વખર્ચે નાસ્તો ખરીદ્યો હતો

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સમગ્ર શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે ધોરણ 6 થી 8 ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે યોજાયેલો એક દિવસનો શૈક્ષણિક પ્રવાસમાં અંધાધૂંધી જોવા મળી હતી. પ્રવાસ દરમિયાન સૌથી ગંભીર બેદરકારી ભોજન વ્યવસ્થામાં જોવા મળી હતી. સવારે 9 થી 10 વાગ્યાની વચ્ચે મળવો જોઈતો નાસ્તો છેક બપોરે 12:30 વાગ્યે ધરમપુર ખાતે આપવામાં આવ્યો હતો. જ્યારે બપોરનુ ભોજન રાત્રે અપાતા શાળાના ભૂલકાઓએ મજબૂરીવશ પોતે ઘરેથી લાવેલો નાસ્તો અથવા સ્વખર્ચે બહારથી ખાવાની ચીજો ખરીદીને ભૂખ સંતોષવી પડી હતી. જો કે આ વિવાદમાં જેને નાસ્તો તેમજ જમવાનુ કામ અપાયેલુ હતું તે પંડ્યા કેટરર્સને બ્લેકલીસ્ટ કરવા તજવીજ હાથ ધરાઈ હોવાની ચર્ચા છે

આ સમગ્ર ધાંધિયા પાછળ કેટરર્સની ઘોર લાપરવાહી સામે આવી છે, જેણે બપોરે જમવાના સમયે નાસ્તો પીરસ્યો હતો અને છેક બપોરે 3 વાગ્યા પછી ભોજનની વ્યવસ્થા કરી હતી. આ મામલે સી.આર.સી દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે સુરતના કેટરર્સના ટેમ્પોમાં માણસો બેસાડ્યા હોવાથી પલસાણા પાસે પોલીસે પકડ્યો હતો અને ત્યારબાદ ટેમ્પોમાં પંક્ચર પડતા વિલંબ થયો હતો.

હાફુસ કેરી આવી ગઇ, ભાવ 1500થી 2500 રૂપિયા ડઝન

■ જેની આતુરતાથી રાહ જોવામાં આવે છે તે છે કેરીની સીઝન. આ સીઝનની પહેલી હાફૂસ કેરી માર્કેટમાં આવી ગઇ છે અને તેનો ભાવ રૂપિયા 1500થી 2500 રૂપિયા ડઝન પડ્યો છે. **(તસવીર : હેમંત ડેરે)**

વકીલની ઓફિસમાં ચોરી કરનાર ઝડપાયો

સુરતઃ ગોડાદરા મહારાણા પ્રતાપચોક પાસે આવેલી ધુર્વપાર્ક સોસાયટીમાં રહેતા ભાર્ગવ નાજાભાઈ વાળા એડવોકેટ તરીકે વ્યવસાય કરે છે. તેમની ‘કેબી એસોસિયેટ’ નામની ઓફિસ ઉધના રોડ નં. 3, સી-01 મેક્સીકન પ્લાઝા, ઘાયલ સ્પોર્ટ્સની બાજુમાં આવેલી છે.તા. 23/02/2026ની મધરાત્રી દરમિયાન અજાણ્યા ચોરે ઓફિસનું શટર ઉંચું કરી અંદરના કાચના પાર્ટિશનનો લાકડાનો ભાગ તોડી ઓફિસમાં પ્રવેશ કર્યો હતો.ચોરે ઓફિસમાંથી સી.પી.યુ. નંગ-01 અને કી-બોર્ડ નંગ-01, કુલ આશરે રૂ.30,000ની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ભાર્ગવ વાળાએ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.પીઆઈ એસ.એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ એચ.ઝેડ. પટેલના નેતૃત્વમાં પોલીસ ટીમે આસપાસના CCTV ફૂટેજનું સઘન વિશ્લેષણ કર્યું હતું. ફૂટેજના આધારે આરોપી રીજવાન ઉમર મોહમદ શેખ (ઉ.વ. 28), રહે. સંજયનગર ઝુપડપટ્ટી, ઉધના,ની ઓળખ થઈ હતી.સર્વેલન્સ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ પિયુષભાઈ ખેમચંદભાઈ, કોન્સ્ટેબલ નાગેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ અને રામદેવસિંહ મુકેશસિંહની ટીમે ઝડપથી કાર્યવાહી કરી આરોપીને ઝડપી પાડી ચોરીમાં ગયેલો સી.પી.યુ. અને કી-બોર્ડ રીકવર કર્યો હતો.પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

એક જ દિવસે મનપાની ૭ સમિતિઓની બેઠક મળી

7મી માર્ચના રોજ મનપાની વર્તમાન ટર્મની છેલ્લી સામાન્યસભા પહેલા અંદાજો મંજૂર કરાવવા દોડધામ

સુરત મહાનગરપાલિકાના વર્તમાન પદાધિકારીઓની ટર્મ ૧૧ માર્ચે પૂર્ણ થતી હોવાથી વહીવટી અને રાજકીય ગતિવિધિઓમાં અચાનક તેજી જોવા મળી રહી છે. ૯ માર્ચે યોજાનારી સામાન્ય સભાની તૈયારીઓ વચ્ચે હવે વિવિધ પેટા સમિતિઓમાં અટકેલા અથવા રજૂ થયેલા કામોને વહીવટી મંજૂરી અપાવવા શાસકો સક્રિય બન્યા છે.

ટર્મ પૂરી થવાના દિવસો નજીક આવતા શુક્રવારે એક જ દિવસે સ્થાયી સમિતિ સહિત કુલ ૭ સમિતિઓની બેઠકો યોજાનાર છે.

છેલ્લા કેટલાક સમયથી સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં ફાઈલોની મંજૂરી પ્રક્રિયા ધીમી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. તેની અસર પેટા સમિતિઓની બેઠકો અને નિર્ણય પ્રક્રિયા પર પણ પડી હતી. પેટા સમિતિના ચેરમેન, સભ્યો અને અધિકારીઓ ફાઈલો અટકવાથી મૂંઝવણમાં મુકાયા હતા. જોકે હવે ટર્મ પૂરી થવાની નજીક આવતાં શાસકો દ્વારા થોકબંધ કામો ક્લિયર કરવાની તૈયારી દર્શાવવામાં આવી રહી છે.

શુક્રવારે યોજાનારી બેઠકો મુજબ સવારે ૧૦ વાગ્યે ડ્રેનેજ કમિટીની બેઠક મળશે જેમાં ૬ કામો રજૂ થશે. ૧૦.૩૦ વાગ્યે પબ્લિક ટ્રાન્સપોર્ટ સમિતિની બેઠકમાં ૨ કામો, ૧૧.૩૦ વાગ્યે જાહેર બાંધકામ સમિતિમાં ૨૦ કામો, ૧૨.૩૦ વાગ્યે ટી.પી. સમિતિમાં ૫ કામો, ૧.૩૦ વાગ્યે પાણી સમિતિમાં ૧૭ કામો અને ૨.૩૦ વાગ્યે લાઈટ એન્ડ ફાયર સમિતિમાં ૩૦ કામો રજૂ કરાશે. સાંજે ૪ વાગ્યે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ૨૧ કામો રજૂ થવાના છે.

આ રીતે એક જ દિવસે યોજાનારી સ્થાયી સહિતની ૭ સમિતિઓની બેઠકોમાં કુલ ૧૦૧ કામો રજૂ થવાના છે.

ચર્ચા છે કે આ તમામ કામોને બાદમાં સામાન્ય સભામાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે. સામાન્ય સભા પૂર્વે એજન્ડા પ્રસિદ્ધ કરવા માટે નિર્ધારિત સમયગાળો હોવાથી આવનારા દિવસોમાં મનપાની કામગીરી વધુ ગતિ પકડે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પૂર્વ પત્નીએ પતિની મિત્રો સાથેની દારુ પાર્ટીનો વિડીયો ફરતો કર્યો

પતિનો દમણનો વિડીયો ફરતો કરનાર પૂર્વ પત્ની સામે પોલીસ ફરિયાદ

સુરતઃ અમરોલી વિસ્તારમાં સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરવાની અને અંગત પળોના વીડિયો-ફોટા વાયરલ કરવાની ધમકી આપવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પૂર્વ પત્નીએ જ યુવક અને તેના મિત્રોના દારૂની પાર્ટી કરતા વીડિયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરી દેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ, અમરોલી પ્રમુખ હાઈટ્સમાં રહેતા ૨૬ વર્ષીય કેવિન મુકેશભાઈ વઘાસીયાએ કોસાડ અમરોલીમાં રહેતી પૂર્વ પત્ની તન્વી હરેશભાઈ મકવાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ,કેવિન અને તન્વીએ જાન્યુઆરી ૨૦૨૪માં ઈન્સ્ટાગ્રામ દ્વારા સંપર્કમાં આવ્યા બાદ પ્રેમ લગ્ન કર્યા હતા.

જોકે, લગ્ન જીવનમાં ખટરાગ ઊભો થતા સાતેક મહિના પહેલા બંનેએ રાજીખુશીથી છૂટાછેડા લીધા હતા. છૂટાછેડા બાદ પણ બંને વચ્ચે મુલાકાતો થતી હતી. ગત ૧૯ ફેબ્રુઆરીના રોજ કોઈ બાબતે બોલાચાલી થતા તન્વીએ કેવિન અને તેના મિત્રોના દમણ ખાતેની પાર્ટીના વીડિયો પોતાના અલગ-અલગ ઈન્સ્ટાગ્રામ આઈડી પર અપલોડ કરી દીધા હતા. એટલું જ નહીં, આરોપીએ કેવિન સાથેની અંગત પળોના સ્ટીકર બનાવી તેને વોટ્સએપ પર મોકલી વાયરલ કરવાની ધમકી આપી હતી. આ ઘટનાથી ગભરાયેલા યુવકે પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ અમરોલી પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે બી.એન.એસ. તથા આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પતિ જન્મદિને મોડા આવતા ગુસ્સામાં પત્નીનો આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ પાલ ખાતે આવેલ લેઝન્ડ હર્મોની રેસિડેન્સીમાં રહેતા કમલેશભાઈ નેનવાણી પુરુષના બુટ તથા કપડાનો વેપાર કરે છે. તેઓને સંતાનમાં બે પુત્ર છે. ગઈકાલે રાત્રે કમલેશભાઈની પત્ની રંજનીએ ઘરમાં પંખા સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં રંજનીના પતિનો ૨૪મીએ બર્થ-ડે હતો. કમલેશ વતનમાં બુટના શો-રૂમની ઓપનિંગની તૈયારી કરવા માટે ગયા હતા. ત્યારે રાત્રે પતિ ઘરે મોડા આવતા ગુસ્સામાં આવી રંજનીએ આપઘાતનું પગલું ભરી લીધું હતું. આ અંગે વધુ તપાસ પાલ પોલીસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નાની નાની બાબતે પતિ પત્ની વચ્ચે થતાં ઝગડામાં આત્મહત્યાના કેસ વધી રહ્યાં છે.

જોબવર્કના રૂપિયા નહીં આપવા કારખાનેદારની હનીટ્રેપ કરી

મુંબઈ બોલાવી નશીલો પદાર્થ પીવડાવી અશ્લીલ વીડિયો બનાવી દીધો

જોબવર્કના 2.28 કરોડ નહીં ચૂકવ્યા ઉપરથી 5 કરોડથી વધુની મિલકત લખાવી લીધી

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં એમ્બ્રોઈડરીના કારખાનેદારને જોબવર્કના રૂ. 2.28 કરોડ ન ચૂકવવા માટે રચાયેલા હનીટ્રેપમાં ફસાવી તેની પાસેથી રૂ. 5 કરોડથી વધુની મિલ્કત લખાવી લેવાઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મુંબઈ સ્થિત ગેંગે વેપારીને પૈસા આપવાના બહાને બોલાવી, નશીલો પદાર્થ પીવડાવી અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેઇલ કર્યાનો આક્ષેપ છે.

વેસુ કેનાલ રોડ સ્થિત સ્વપ્નીલ પેલેસમાં રહેતા મનોજ શામજીભાઈ ગોંડલિયા (ઉ.વ. 58) બમરોલી રોડ પર મારૂતી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં એમ્બ્રોઈડરીનું ખાતુ ધરાવે છે. વર્ષ 2017 દરમિયાન ધવલ રમેશ અકબરીએ (રહે. કાંદીવલી, મુંબઈ) એ તેમની પાસે જોબવર્ક કરાવ્યું હતું. જેના રૂ. 2.28 કરોડ બાકી હતા. ફરિયાદ મુજબ, આ રકમ ચૂકવવાથી બચવા ધવલ અકબરીએ દિપક જગદીશચંદ્ર બુટક, આશા મનસુખ હિરપરા ઉર્ફે પટેલ અને એક અજાણી મહિલા સાથે મળીને કાવતરું રચ્યું હતું. તેમને રૂપિયા આપવાના બહાને મુંબઈ બોલાવી ઠંડા પીણામાં નશીલો પદાર્થ પીવડાવી બેભાન જેવી હાલતમાં તેમની સાથે એક મહિલાનો અશ્લીલ વીડિયો બનાવી દીધો હતો. ત્યારબાદ વીડિયો વાયરલ કરવાની, બળાત્કારના કેસમાં ફસાવવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી સતત બ્લેકમેઇલ કરવામાં આવ્યા હતા. આરોપીઓએ કામરેજમાં પત્નીના નામની અંદાજે રૂ. 25 લાખની મિલ્કત, બારડોલીમાં રૂ. 31 લાખના બે પ્લોટ તથા વેસુ સોમેશ્વર એન્ક્લેવમાં આવેલા આશરે રૂ. 4.51 કરોડના બંગલાના દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધા હતા.

આ રીતે કુલ રૂ. 5.04 કરોડથી વધુની મિલકત પડાવી લીધી હતી. આટલું જ નહીં, આરોપીઓએ બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા રકમ એકાઉન્ટમાં ફેરવી ફરી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. ત્યારબાદ પણ વધુ રકમની માંગણી અને ધમકીઓ ચાલુ રાખતા વેપારીએ આખરે પરિવારજનોને જાણ કરી પાંડેસરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા ચાર આરોપી સામે ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી છે.

કાપોદ્રામાં એમ.કોમ.ના વિદ્યાર્થીનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ ભાવનગરના તળાજાના વતની અને હાલ કાપોદ્રાની રામકૃપા સોસાયટીમાં ૨૨ વર્ષીય અંકુર મુકેશભાઈ ચૌહાણ પરિવાર સાથે રહેતો હતો અને એમ કોમના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. પિતા ઘરે જોબવર્કનું કામ કરે છે. અંકુરનાં માતા-પિતા વતનમાં જનોઈના પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા. દરમિયાન ગઈકાલે રાત્રે અંકુરે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બુધવારે મળસકે ૫ વાગ્યાના અરસામાં માતા-પિતા ઘરે આવતા સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. અંકુરે ક્યાં કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

કતારગામની સુમન શાળા વોર્ડ નં. 7માં નહીં 8માં જ બનશે

મુલતવી દરખાસ્ત ફરી રજૂ કરી ધારાસભ્યએ જીદ પૂરી કરી

કતારગામમાં રાજકીય ઠુંસાતુંસીમાં શાળાનું કામ ટલ્લે ચડી ગયું હતું

સુરતઃ કતારગામ ઝોનમાં વોર્ડ નંબર 7માં મંજૂર થયેલી સુમન સ્કુલની જગ્યા મુદ્દે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો છે. કતારગામની આ સુમનશાળા હવે વોર્ડનંબર 7 નહીં 8માં જ બનશે.

વિસ્તૃત વિગતો મુજબ કતારગામ ઝોનમાં વોર્ડ નંબર 7માં ટીપી સ્કીમ નંબર 50 (વેડ- કતારગામ)ના ફાઈનલ પ્લોટ નંબર 94 માં સુમન સ્કુલ બનાવવા માટે આયોજન કરાયું હતું અને ટેન્ડર બહાર પાડ્યા હતા જેમાં 9.48 કરોડના અંદાજ સામે 33.99 ચા ટેન્ડર નીચું એટલે કે 6.26 કરોડનું ટેન્ડર ગૌરવ બિલ્ડર્સનું ટેન્ડર મંજૂર કરાયું હતું. આ સ્કુલ માટે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના હસ્તે ખાત મુર્હુત પણ કરી દેવામા આવ્યું હતું ત્યાર બાદ સ્થાનિકોની રજુઆતને લઈને ધારાસભ્ય વિનોદ મોરડીયાએ પત્ર લખીને સુમન સ્કૂલ જ્યાં મંજૂર થઈ છે તેના બદલે વોર્ડ નંબર 8 માં સમાવિષ્ટ વેડ રોડ પર ગરીબ અને મધ્યમ વર્ગના લોકો વધુ રહે છે અને તેમના બાળકો ઘર નજીક માધ્યમિક શિક્ષણ મેળવી શકે તે માટે ટી પી સ્કીમ નંબર 35 (કતારગામ) ફાઈનલ પ્લોટ નંબર 123માં શાળા બનાવવા માટે ભલામણ કરી હતી. જેના પગલે નવી જગ્યાએ કામગીરી શરુ કરી દેવામાં આવી હતી દરમિયાન ભાજપના જ કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે વિરોધ કરીને લેખિતમાં કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવાની માંગણી કરી હતી.

ત્યાર બાદ સ્થળ ફેર માટે દરખાસ્ત રજુ કરવામા આવી હતી પરંતુ આ વિવાદના કારણે દરખાસ્ત મુલતવી રાખવામાં આવી હતી. પાંડવના કારણે વિવાદ મોટો થયો હતો અને વિપક્ષને પણ મુદ્દો મળ્યો હતો. આ મુદ્દે ભાજપે મોડે મોડે પગલાં ભરી ગઈકાલે નરેન્દ્ર પાંડવને શો કોઝ નોટિસ ફટકારી હતી. આ નોટિસ બાદ આગામી સ્થાયી સમિતિમાં ફરી એક વાર જે જગ્યાએ શાળા માટે ધારાસભ્યએ ભલામણ કરી હતી અને જ્યાં શાળા નું કામ શરુ થયું છે તે જગ્યા રાખવા માટે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજુ કરવામા આવી છે તેના પર શુક્રવારે નિર્ણય થશે.

અમેરિકાના 126% સોલાર ટેરિફની કાઉન્ટરવેલિંગ ડ્યૂટીનો આકરો પ્રહાર

સુરત સહિત દક્ષિણ ગુજરાતના સોલાર હબનો એક્સપોર્ટ ઠપ થવાની દહેશત

લાદવામાં આવેલી ડ્યૂટી, અંતિમ નિર્ણય જુલાઈમાં આવે એ પહેલા કન્સાઇનમેન્ટ યુએસએ મોકલવા પડાપડી થઈ રહી છે

સુરતઃ અમેરિકાના 126% સોલાર ટેરિફની કાઉન્ટરવેલિંગ ડ્યૂટીનો આકરા પ્રહારથી વારી એનર્જી, પ્રીમિયર એનર્જી જેવી કંપનીઓ શેર બજારમાં હચમચી ગઈ હતી.

સુરત સહિત સાઉથ ગુજરાતમાં સ્થિત સોલાર ઉદ્યોગના મોટા હબ તરીકે જાણીતા વિસ્તારમાં આ નિર્ણયથી ભારે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સાઉથ ગુજરાત સોલાર ઈન્ડસ્ટ્રી એસોસિએશને આને ઉદ્યોગ માટે મોટો ફટકો ગણાવ્યો છે. એસોસિએશને જણાવ્યું કે, આ ઊંચા ટેરિફથી એક્સપોર્ટ-આધારિત કંપનીઓના ઓર્ડર્સ રદ થઈ શકે છે, પ્રોડક્શન ઘટશે અને રોજગારી પર અસર પડશે. એસોસિએશને સરકાર પાસે વૈકલ્પિક બજારો (જેમ કે યુરોપ, આફ્રિકા) તરફ વધુ ફોકસ કરવા અને ડોમેસ્ટિક માર્કેટને મજબૂત કરવાની માંગ કરી છે. તેમણે ભય વ્યક્ત કર્યો કે ઓવર કેપેસિટી અને પ્રાઇસ પ્રેશર વચ્ચે આ ટેરિફ ઉદ્યોગને વધુ નબળો પાડશે. ભારતીય સોલાર કંપનીઓ પર અસર વિશે વારી એનર્જીઝ અને પ્રીમિયર એનર્જીઝ જેવી કંપનીઓએ જણાવ્યું કે, તેમની પાસે યુએસમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ છે, જેથી તેઓની ઉપર અસર મર્યાદિત રહેશે અને ઓર્ડર બુક પર મોટી અસર નહીં પડે. અન્ય કંપનીઓએ ડોમેસ્ટિક માર્કેટ અને અન્ય દેશોમાં એક્સપોર્ટ વધારવાની વાત કરી છે. ઉદ્યોગના નિષ્ણાતો કહે છે કે આ ટેરિફ પ્રારંભિક છે, અંતિમ નિર્ણય આવતા મહિનાઓમાં આવશે, પરંતુ ટૂંકા ગાળામાં એક્સપોર્ટને ભારે નુકસાન થશે.

અમેરિકાના વાણિજ્ય વિભાગે 24 ફેબ્રુઆરી 2026ના રોજ ક્રિસ્ટલાઇન સિલિકોન ફોટોવોલ્ટેઇક સેલ્સ (સોલાર સેલ્સ) અને મોડ્યુલ્સ પર પ્રારંભિક કાઉન્ટરવેલિંગ ડ્યુટી (CVD) જાહેર કરી છે. આ નિર્ણયમાં ભારતથી આયાત થતા સોલાર પ્રોડક્ટ્સ પર 125.87%ની ડ્યૂટી લાદવામાં આવી છે. આ ડ્યૂટી ભારત સરકાર દ્વારા સોલાર ઉત્પાદકોને આપવામાં આવતી કથિત અનુચિત સબસિડીને કારણે લાદવામાં આવી છે, જે અમેરિકન ઉત્પાદકોને અસર કરે છે.

આયાત આંકડા અને વધારો: સોલાર સેલ્સ અને મોડ્યુલ્સ એક્સપોર્ટર ભીંસમાં મુકાશે

ભારતથી અમેરિકામાં સોલાર આયાતમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. 2022માં $83.86 મિલિયન (232,420,657 વોટ્સ), 2023માં $760.76 મિલિયન (2,048,966,887 વોટ્સ) અને 2024માં $792.65 મિલિયન (2,297,306,441 વોટ્સ) આયાત થઈ હતી. અમેરિકન વાણિજ્ય વિભાગે તપાસમાં જાણ્યું કે, ભારત સરકાર સોલાર ઉત્પાદકોને અનુચિત સબસિડી આપે છે, જે અમેરિકન કંપનીઓને અન્યાયી સ્પર્ધા આપે છે. ડ્યૂટી વધારા માટે અમેરિકન સરકારે આપેલાં કારણોમાં એક કારણ આ પણ છે. આ તપાસ અમેરિકન સોલાર મેન્યુફેક્ચરિંગ એન્ડ ટ્રેડ એલાયન્સની પિટિશન પર આધારિત છે, જેમાં હવ્વા ક્યુ સેલ્સ યુએસએ, ફર્સ્ટ સોલાર અને મિશન સોલાર એનર્જી જેવી કંપનીઓ સામેલ છે. સાથે જ અમેરિકન ઇન્ટરનેશનલ ટ્રેડ કમિશન (ITC) ઇન્જરી તપાસ કરી રહ્યું છે.

જૈનમના એજન્ટના નામે 1.72 કરોડનું ‘ફુલેકું’

અલથાણનો બ્રોકર ઓફિસને તાળા મારી મોબાઇલ સ્વીચ ઓફ કરી ગાયબ

સુરતઃ જૈનમના એજન્ટના નામે 1.72 કરોડનું ફલેકું ફેરવી એજન્ટ ફરાર થઈ ગયો છે.

મજૂરાગેટ પર રહેતા પંકજભાઈ રાજેન્દ્રભાઈ જરીવાલાએ અલથાણ પોલીસમથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અલથાણમાં ‘આઈશ્રી ખોડીયાર બ્રોકિંગ એન્ડ એડવાઈઝર’ નામે ઓફિસ ચલાવતા હરીશ દિપકભાઈ ગોહિલે પોતે સુરતની જાણીતી શેર પેઢી ‘જૈનમ’નો એજન્ટ હોવાનું કહી વિશ્વાસમાં લીધો હતો. આરોપીએ રોકાણ સંપૂર્ણ સુરક્ષિત રહેશે અને ઊંચો આર્થિક લાભ મળશે તેવી ખાતરી આપી હતી. ડીમેટ એકાઉન્ટ ખોલવાની જરૂર નથી, પોતે પોતાના નામે જ રોકાણ કરી નફો આપી દેશે એવી વાતો કરી પંકજભાઈ પાસેથી રૂ. 36.94 લાખ તથા તેમના ભાઈ મનીષભાઈ પાસેથી રૂ. 1.68 કરોડ મેળવી કુલ રૂ. 2.58 કરોડથી વધુની રકમ બેંક મારફતે ટ્રાન્સફર કરાવી લીધી હતી. આરોપી દ્વારા વોટ્સએપ પર મોકલવામાં આવેલી બેલેન્સ શીટમાં નફો દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ વાસ્તવમાં કોઈ રકમ પરત આપવામાં આવી નહોતી. પંકજભાઈએ રકમ પરત માગતા રૂ. 32.94 લાખ પરત મળ્યા હતા, જ્યારે બાકીના રૂ. 4 લાખ બાકી રહ્યા. મનીષભાઈના રૂ. 1.68 કરોડ સંપૂર્ણ બાકી રાખીને આરોપીએ અચાનક ઓફિસ બંધ કરી દીધી અને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી ફરાર થઈ ગયો. ઘટનાની જાણ થતાં અલથાણ પોલીસે આરોપી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

નિવિદાનં - ૪૫ (બીજીવાર) સને ૨૦૨૫-૨૬
જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં (૦૨૬૩૨-૨૫૩૬૯૪) ની કચેરીએથી જિલ્લા પંચાયત હસ્તકનાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના ક્વાટર્સનાં ડીમોલેશનનાં કામો જેની અંદાજીત રકમ રૂા ૧૭.૦૦ લાખ થી રૂા.૧૯.૦૦ લાખ સુધીની છે. જે કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય ચાદીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી ઇ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઇટ પરથી જોવા મળશે.

વધુમાં મંજુર થયેલ ભાવોના ઇજારદારશ્રીએ જી.એસ.ટી. અલગથી ચલણ ધ્વારા જમા કરવાનો રહશે.

ટેન્ડર ઓનલાઇન સબમીશનની છેલ્લી તા:- ૧૦/૦૩/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ) વિભાગ
વલસાડ

નં.